# નેપાળના ભૂતપૂર્વ વડાપ્રધાન ઓલીની ધરપકડ થઈ

**જેન** ઝેડ આંદોલનકર્તાઓ પર દમન કરવા બદલ ધરપકડ કરાઇ

કાઠમંડુ, તા. 28 (PTI): નેપાળના ભૂતપૂર્વ વડા પ્રધાન કે.પી. શર્મા ઓલીની શનિવારે ધરપકડ કરવામાં આવી હતી. બાલેન્દ્ર શાહની નવરચિત સરકારે ગયા વર્ષે દેશને હચમચાવી દેનારા જેન ઝી વિરોધ પ્રદર્શન પરના તપાસ પંચના અહેવાલનો અમલ કર્યાના એક દિવસ બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, સીપીએન-યુએમએલના અધ્યક્ષ ઓલીની શનિવારે વહેલી સવારે કાઠમંડુથી 12 કિમી પૂર્વમાં આવેલા ભક્તપુર જિલ્લાના ગુંડુ વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસે ઉમેર્યું હતું કે, ભૂતપૂર્વ ગૃહમંત્રી અને નેપાળી કોંગ્રેસના નેતા રમેશ લેખકની પણ ભક્તપુર જિલ્લાના સૂર્યવિનાયક નગરપાલિકાના કટુંજે ખાતેના તેમના નિવાસેથી ધરપકડ કરવામાં આવી છે.

ઓલી અને લેખક બંનેની ગયા વર્ષે 8 અને 9 સપ્ટેમ્બરના જેન ઝી આંદોલનને દબાવવામાં તેમની સંડોવણીના આરોપસર ધરપકડ કરવામાં આવી છે, જેમાં અંદાજે બે ડઝન યુવાનો સહિત 76 લોકો માર્યા ગયા હતા. જેન ઝી આંદોલન આસપાસની ઘટનાઓની તપાસ માટે રચાયેલા તપાસ પંચે ઓલી અને લેખક સહિત અન્ય લોકો સામે ફોજદારી ગુના હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવાની ભલામણ કરી છે.

બાલેન્દ્ર શાહના નેતૃત્વમાં નેપાળની નવરચિત સરકારે શુક્રવારે તેની પ્રથમ કેબિનેટ બેઠકમાં તપાસ પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણોનો તાત્કાલિક અમલ કરવાનો નિર્ણય લીધો હતો.

ધરપકડ બાદ ગૃહમંત્રી સુધન ગુરુંગે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું કે, "કાયદાથી ઉપર કોઈ નથી."

ગૃહમંત્રીએ કહ્યું હતુંક કે, "અમે ભૂતપૂર્વ વડા પ્રધાન કે.પી. ઓલી અને ભૂતપૂર્વ ગૃહમંત્રી રમેશ લેખકને નિયંત્રણમાં લીધા છે. આ કોઈની સામેનો બદલો નથી, માત્ર ન્યાયની શરૂઆત છે.

# અદાણી ડિફેન્સે સ્વદેશી ઉત્પાદીત પ્રથમ લાઇટ મશીનગન ભારતીય સેનાને સુપ્રત કરી

**આ 7.62** મી.મીની સ્વદેશી રીતે ઉત્પાદિત 2000 પ્રહાર - લાઇટ મશીન ગન (LMGs) છે

નવી દિલ્હીઃ ભારતના એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્રમાં અગ્રણી અને અદાણી એન્ટરપ્રાઇઝ લિ.ની મુખ્ય અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ કંપનીએ ભારતની નાના શસ્ત્રો ઉત્પાદન ક્ષમતામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરુપ સમાન 7.62 મી.મીની સ્વદેશી રીતે ઉત્પાદિત 2000 પ્રહાર - લાઇટ મશીન ગન (LMGs) ભારતીય સેનાને સુપ્રત કરી છે.

કરાર અનુબંધિત સમય કરતા 11 માસ વહેલી આ પ્રથમ બેચની ઐતિહાસિક ડિલિવરી ફક્ત સાત મહિનામાં પૂરી કરી છે. આ કાર્ય ફર્સ્ટ-ઓફ-પ્રોડક્શન મોડેલ (FOPM) નિર્ધારિત 18 મહિનાના વિકાસ સમયપત્રક સામે છ મહિનામાં સાકાર થયા બાદ જથ્થબંધ ઉત્પાદન ક્લિયરન્સ (BPC) પ્રાપ્ત થવાથી હવે તેનું પૂર્ણ-કક્ષા પર ઉત્પાદનમાં ઝડપી સંક્રમણ શક્ય બન્યું છે.

આ ગનના યોજાયેલા અર્પણ વિધી કાર્યક્રમમાં ભારત સરકારના સંરક્ષણ મંત્રાલયની સંપાદન પાંખના મહા નિર્દેશક અને અધિક સચિવ એ. અનબારાસુ અને ભારતીય સશસ્ત્ર દળોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં ભારતના પ્રથમ સંપૂર્ણ સંકલિત ખાનગી ક્ષેત્રના નાના શસ્ત્રના અદાણી ડિફેન્સના નાના શસ્ત્રો માટેના કારખાનામાં ઉત્પાદન કરવામાં આવેલ પ્રહર એલએમજી આયાતી પાયદળ શસ્ત્રો પરની નિર્ભરતામાં નોંધપાત્ર ઘટાડી સંરક્ષણ સ્વ-નિર્ભરતાને મજબૂત બનાવે છે. 100 એકરમાં ફેલાયેલા આ કારખાનામાં બેરલ ઉત્પાદન, બોલ્ટ કેરિયર અને રીસીવર ફેબ્રિકેશન, એડવાન્સ્ડ કોમ્પ્યુટર ન્યુમેરિકલ કંટ્રોલ (CNC) મશીનિંગ, રોબોટિક્સ, સપાટી સારવાર, ચોકસાઈ મેટ્રોલોજી, ધાતુશાસ્ત્ર પ્રયોગશાળા અને ભૂગર્ભમાં ૨૫-મીટર ફાયરિંગ રેન્જને એકીકૃત કરતી સુવિધા ઉપલબધ કરવામાં આવી છે.

ગ્વાલિયરમાં મોટા પાયે ઉત્પાદન માટે ડિઝાઈન કરાયેલ વાર્ષિક 100,000 શસ્ત્રોના ઉત્પાદનની ક્ષમતા ધરાવતી આ સુવિધામાં 90 ટકાથી વધુ સ્વદેશી સ્ત્રોત છે. આ સુવિધા કુશળ રોજગારી પેદા કરીને પુરવઠાની કડીમાં સૂક્ષ્મ, નાના અને મધ્યમ સાહસો (MSMEs) ને ટેકો આપીને મધ્યપ્રદેશની વ્યાપક ઔદ્યોગિક ઈકોસિસ્ટમમાં યોગદાન આપી રહી છે.

### પ્રહર લાઇટ મશીન ગનની વિશેષતાઓ

પ્રહર લાઇટ મશીન ગન ૭.૬૧ x૫૧ mmની લાક્ષણિક્તાઓમાં સચોટ, મજબૂત અને વિશ્વસનીય છે. લાઇટ મશીનગન ખુલ્લા બોલ્ટથી ફાયરિંગ, પિસ્ટન હેડ પર ગેસ ઇમ્પેક્ટ, ફરતી બોલ્ટ લોકીંગ છે અને ફાયરિંગનો સલામત, અર્ધ-સ્વચાલિત અને સ્વચાલિત મોડ ધરાવે છે. પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં વધારાની શક્તિ માટે ગેસ રેગ્યુલેટર શામેલ છે.એસોલ્ટ ડ્રમ (૧૨૦ આરડીએસ) અથવા બેલ્ટ ચેઇનમાંથી ફીડ મળે છે.તેનું બાયપોડ મજબૂત અને ટકાઉ છે. મેદાનમાં જાળવણી માટે તેને ઝડપથી ડિસમેન્ટલ કરી શકાય છે. આ ગનમાં એડજસ્ટેબલ બટ સ્ટોક અને ગાલ રેસ્ટ ઉપરાંત વધારાની સલામતી પદ્ધતિઓ અને આર્યન સાઇટ્સ બેક અપ છે. ફક્ત શસ્ત્રનું વજન આઠ કીલોગ્રામ અને બેરલ લેન્થ (mm) ૫૦૮ (૨૦'') જ્યારે કુલ લંબાઇ ૧૧૦૦ mm અને અસરકારક રેન્જ ૧૦૦૦ m છે.

# કોલેજના વર્ગમાં મુસ્લિમ વિદ્યાર્થીને આતંકવાદી કહેનાર પ્રોફેસર સસ્પેન્ડ

**બેંગલુરુની** કોલેજમાં બનેલો બનાવ, ભારે ઉહાપોહ પછી યુનિવર્સિટીએ કાર્યવાહી કરી

બેંગલુરુ, તા. 28: બેંગલુરુની એક ખાનગી યુનિવર્સિટીના પ્રોફેસરે ક્લાસરૂમ દરમિયાન એક મુસ્લિમ વિદ્યાર્થીને કથિત રીતે 'આતંકવાદી' કહીને અપશબ્દો બોલ્યા બાદ તેઓ વિવાદમાં સપડાયા છે, જેના કારણે વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કોમી ટિપ્પણીઓ પર થયેલા મોટા વિવાદ વચ્ચે પ્રોફેસરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

પીઈએસ યુનિવર્સિટીની આ ઘટનાનો એક વીડિયો, જે 24 માર્ચના રોજ બની હતી, તેમાં પ્રોફેસર મુરલીધર દેશપાંડે એક વિદ્યાર્થીને એમ કહેતા જોઈ શકાય છે કે, "તું આતંકવાદી છે, શું ખાઈને આવે છે. મેં વિચાર્યું હતું કે આજે હું ખૂબ શાંત રહીશ. તને શરમ નથી આવતી? નકામો માણસ."

ક્લાસરૂમની અંદર વિદ્યાર્થીઓ દ્વારા શૂટ કરવામાં આવેલો આ વીડિયો ત્યારથી વ્યાપકપણે વાયરલ થઈ રહ્યો છે, જેની અપમાનજનક અને સાંપ્રદાયિક ટિપ્પણીઓ બદલ આકરી ટીકા થઈ રહી છે.

આ મામલે વિવાદ વકરતાં કોંગ્રેસની વિદ્યાર્થી પાંખના સભ્યોએ ત્યારબાદ યુનિવર્સિટી મેનેજમેન્ટ સાથે મુલાકાત કરી હતી અને આ ઘટના અંગે કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

ભારે વિરોધ બાદ યુનિવર્સિટીએ તપાસ પૂરી થાય ત્યાં સુધી પ્રોફેસર દેશપાંડેને સસ્પેન્ડ કરી દીધા છે.

# બેંકની ભૂલથી ખાતામાં રૂ. 10 કરોડ જમા થયા: ગરીબ મહિલાએ પરત કર્યા

**ગરીબ** ખેડૂતની પત્નીએ બેંકને કહ્યું કે આ નાણા મારા નથી, પાછા ખેંચી લો: લોકોમાં ભારે પ્રશંસા

લખનઉ, તા. 28 : ઉત્તર પ્રદેશના મેનપુરી જિલ્લાની એક ખેડૂત પત્નીના બેંક ખાતામાં રહસ્યમય રીતે લગભગ 10 કરોડ રૂપિયા જમા થયા હતા. જોકે, આ મહિલાએ જ્યાં સુધી મામલો ઉકેલાય નહીં ત્યાં સુધી એક પણ રૂપિયો ઉપાડવાનો ઈનકાર કરીને ભારે પ્રશંસા મેળવી છે.

બિછવા વિસ્તારના દેવગંજ ગામની રહેવાસી રીટા અને તેના પતિ પારસભાન બહેલિયા ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. નવરાત્રીમાં અષ્ટમીના અવસરે રીટા પૈસા ઉપાડવા માટે સ્થાનિક બેંકમાં ગઈ હતી, પરંતુ બેંક બંધ હોવાને કારણે તે પૈસા ઉપાડી શકી નહોતી. ત્યાર બાદ તેણીએ નજીકના એટીએમમાં જઈને બેલેન્સ ચેક કર્યું, જ્યાં રકમ જોઈને તે દંગ રહી ગઈ હતી.

બેંક ઓફ ઈન્ડિયાના તેના ખાતામાં રૂ. 9,99,49,588 (લગભગ દસ કરોડ રૂપિયા)નું બેલેન્સ બતાવતું હતું. પોતાની આંખો પર વિશ્વાસ ન આવતાં તેણીએ બીજા એટીએમ પર ફરીથી બેલેન્સ ચેક કર્યું અને સ્ક્રીનનો વીડિયો ઉતાર્યો, જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

ખાતામાં આટલી મોટી રકમ હોવા છતાં, રીટાએ એક પણ રૂપિયો ઉપાડવાનો પ્રયાસ કર્યો નથી. તેણીએ તેના પરિવારના સભ્યોને પણ સ્પષ્ટ કહી દીધું હતું કે, જ્યાં સુધી સ્થિતિ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી આ રકમને અડવી નહીં. તેની આ અસાધારણ પ્રામાણિકતા બદલ પાડોશીઓ અને સ્થાનિક લોકો તેના વખાણ કરી રહ્યા છે.

# નોકિયા 14 ,000 કર્મચારીઓની છટણી કરશે

**ભારતમાંથી** પણ ઘણાને છૂટા કરાશે

નવી દિલ્હી, તા. 28: એક સમયે વિશ્વની સૌથી મોટી ફોન નિર્માતા કંપની રહેલી ફિનિશ દિગ્ગજ કંપની નોકિયા તેના કર્મચારીઓની સંખ્યામાં મોટો ઘટાડો કરવાની તૈયારી કરી રહી છે. કંપનીએ તેના 14,000 જેટલા કર્મચારીઓની સંખ્યા ઘટાડવાની વ્યાપક પુનઃરચના યોજનાના ભાગરૂપે તેની ભારતની ટીમોમાં છટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

મનીકંટ્રોલના અહેવાલ મુજબ, નોકિયા તેના વૈશ્વિક કાર્યબળમાં 20 ટકાનો ઘટાડો કરે તેવી અપેક્ષા છે. ફિનિશ દિગ્ગજ કંપનીમાં હાલમાં 74 ,000થી વધુ કર્મચારીઓ છે. નોકિયા પાસે ભારતમાં 17 ,000થી વધુ કર્મચારીઓ છે.

નોકિયાનું ભારતમાં પ્રદર્શન ઘટી રહ્યું હોવાનું કહેવાય છે. 2025ના ચોથા ક્વાર્ટરમાં કંપનીનું ચોખ્ખું વેચાણ વાર્ષિક ધોરણે 15 ટકા ઘટીને 393 મિલિયન યુરો (આશરે રૂ. 4 ,290 કરોડ) થયું છે. તેની સરખામણીમાં કંપનીએ અગાઉના વર્ષના સમાન ક્વાર્ટરમાં ભારતમાં 463 મિલિયન યુરો (આશરે રૂ. 5,000 કરોડ)નું ચોખ્ખું વેચાણ નોંધાવ્યું હતું.

અહેવાલ જણાવે છે કે, નોકિયાએ તેના ભારતના નેતૃત્વમાં ફેરફાર શરૂ કર્યા છે. સમર મિત્તલની ઇન્ડિયા કન્ટ્રી બિઝનેસ લીડર તરીકે અને વિભા મેહરાની 1 એપ્રિલ, 2026થી ઇન્ડિયા કન્ટ્રી મેનેજર તરીકે નિમણૂક કરવામાં આવી છે. પૂર્વ ઇન્ડિયા હેડ તરુણ છાબરાએ સંગઠનાત્મક ફેરફારો વચ્ચે તેમનું પદ છોડી દીધું છે.

નવી રચના હેઠળ, મિત્તલ સમગ્ર ગ્રાહક પોર્ટફોલિયોની શરૂઆતથી અંત સુધી દેખરેખ રાખશે, જે તેમના પુરોગામી કરતાં વધુ ઓપરેશનલ નિયંત્રણ ધરાવતી ભૂમિકા છે.

તાજેતરની પુનઃરચનાને કારણે ભારતમાં સામાન્ય અને વૈશ્વિક ભૂમિકાઓ સહિત વિવિધ વિભાગોમાં નોકરીઓમાં કાપ આવવાની અપેક્ષા છે. એવું માનવામાં આવે છે કે 2023માં નોકિયાની ક્લાઉડ અને નેટવર્ક સેવાઓનું મોબાઇલ નેટવર્ક સાથેના વિલીનીકરણને કારણે કામમાં ડુપ્લીકેશન (એક સરખું કામ બે વાર થવું) ઊભું થયું છે. આ છટણી દ્વારા આ મુદ્દાને પણ ઉકેલવામાં આવે તેવી અપેક્ષા છે.

# મોદી અને ટ્રમ્પની ટેલિફોનિક વાતચીતમાં મસ્ક પણ જોડાયા હતા: અહેવાલ

**ન્યૂયોર્ક** ટાઇમ્સે અહેવાલ આપ્યો કે વાતચીતમાં ઇલોન મસ્ક પણ સામેલ હતા

**જો કે** ભારત સરકારે આ અહેવાલ ફગાવતા કહ્યું કે વાતચીત માત્ર બંને નેતાઓ વચ્ચે જ થઇ હતી

વોશિંગ્ટન, તા. ૨૮(PTI): ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, અબજોપતિ ઈલોન મસ્ક આ અઠવાડિયાની શરૂઆતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલી ફોન વાતચીતમાં જોડાયા હતા.

ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર સૈન્ય હુમલા શરૂ થયા બાદ બંને નેતાઓ વચ્ચે આ પ્રથમ વાતચીત હતી. ટ્રમ્પે મંગળવારે ઈરાન સાથેના યુદ્ધ અંગે ચર્ચા કરવા માટે મોદીને ફોન કર્યો હતો. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલમાં અનામી યુએસ અધિકારીઓને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે, ઈલોન મસ્કે મંગળવારે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની ફોન કોલમાં ભાગ લીધો હતો. યુદ્ધના સંકટ દરમિયાન બે દેશોના વડાઓ વચ્ચેની વાતચીતમાં ખાનગી નાગરિકની આ પ્રકારની હાજરી અસાધારણ છે.

ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, બે યુએસ અધિકારીઓ દ્વારા મસ્કની હાજરીની પુષ્ટિ કરવામાં આવી છે, જે સૂચવે છે કે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ફરીથી રાષ્ટ્રપતિ સાથે સારા સંબંધોમાં છે. ગયા વર્ષે સરકારમાંથી બહાર થયા બાદ ટ્રમ્પ અને મસ્ક વચ્ચેના સંબંધો વણસ્યા હતા, જ્યાં મસ્કને સરકારી કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. અહેવાલમાં જણાવાયું છે કે મસ્ક આ કોલ પર શા માટે હતા અથવા તેમણે કોઈ વાત કરી હતી કે કેમ તે સ્પષ્ટ નથી. જો કે ભારતે આજે તે મીડિયા અહેવાલને નકારી કાઢ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે અબજોપતિ ઈલોન મસ્ક આ અઠવાડિયાની શરૂઆતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલી ફોન વાતચીતમાં જોડાયા હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસ્વાલે જણાવ્યું હતું કે મંગળવારની વાતચીત માત્ર બે નેતાઓ વચ્ચે જ થઈ હતી.

# ઝેલેન્સકીએ અચાનક ગલ્ફ આરબ દેશોની મુલાકાત લીધી

**ઇરાનના** હુમલાઓ સામે યુક્રેન તેની ડ્રોન નિપુણતાનો લાભ અખાતી દેશોને આપવા માગે છે

કિવ, તા. 28 (AP): યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ શનિવારે સંયુક્ત આરબ અમીરાત અને કતારની અચાનક મુલાકાત લીધી હતી. યુક્રેન તેની ડ્રોન નિપુણતાનો ઉપયોગ કરીને ગલ્ફ આરબ દેશોને મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધ દરમિયાન ઈરાનના હુમલાઓને રોકવામાં મદદ કરવા માંગે છે. ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે, યુક્રેને સાઉદી અરેબિયા અને કતાર સાથે અગાઉથી જ 10 વર્ષના સુરક્ષા કરાર પર હસ્તાક્ષર કર્યા છે, અને ટૂંક સમયમાં યુએઈ સાથે પણ સમાન કરારને અંતિમ સ્વરૂપ આપવાની અપેક્ષા રાખે છે.

યુક્રેન ઝડપથી અત્યાધુનિક અને યુદ્ધમાં પરખાયેલા ડ્રોન ઈન્ટરસેપ્ટર્સના વિશ્વના અગ્રણી ઉત્પાદકોમાંનું એક બની ગયું છે, જે સસ્તા અને અસરકારક છે. ફેબ્રુઆરી 24, 2022ના રોજ શરૂ થયેલા રશિયાના પૂર્ણ-સ્તરના આક્રમણ સામેના સંરક્ષણમાં તેઓ મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે.

ગલ્ફ દેશોને તેની સહાયના બદલામાં યુક્રેન વધુ હાઈ-એન્ડ એર-ડિફેન્સ મિસાઈલોની માંગ કરી રહ્યું છે જે આ દેશો પાસે છે અને રશિયાના હુમલાઓનો સામનો કરવા માટે કિવને તેની જરૂર છે. ગુરુવારે ઝેલેન્સકીએ સાઉદી અરેબિયાની મુલાકાત લીધી હતી અને ગયા અઠવાડિયે તેમણે કહ્યું હતું કે યુક્રેન હોર્મુઝની સામુદ્રધુનીમાં સુરક્ષા પુનઃસ્થાપિત કરવામાં ભૂમિકા ભજવી શકે છે કે કેમ તે અંગે તપાસ કરી રહ્યું છે.

# મોદીએ નોઈડાના જેવર એરપોર્ટનું ઉદ્ઘાટન કર્યું

**વર્તમાન** સંજોગોમાં ટીમ ઇન્ડિયાની ભાવનાથી કામ કરવા લોકોને હાકલ

નવી દિલ્હી, તા. 28: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જેવર ખાતે નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટના ફેઝ ૧નું ઉદ્ઘાટન કર્યું હતું. પીએમએ તેને કનેક્ટિવિટી, નોકરીઓ અને આર્થિક વિકાસ માટે એક મોટું પ્રોત્સાહન ગણાવ્યું હતું, જ્યારે પ્રોજેક્ટમાં વિલંબ બદલ અગાઉની સરકારો પર નિશાન પણ સાધ્યું હતું.

ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા વચ્ચે યોજાયેલા આ લોન્ચિંગ કાર્યક્રમમાં વડા પ્રધાનની સાથે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામ મોહન નાયડુ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. એરપોર્ટનો પ્રથમ તબક્કો અંદાજે રૂ. ૧૧,૨૦૦ કરોડના ખર્ચે વિકસાવવામાં આવ્યો છે અને તેને મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ તરીકે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જેમાં રોડ, રેલ, મેટ્રો અને પ્રાદેશિક પરિવહન પ્રણાલીઓમાં કનેક્ટિવિટીનું આયોજન કરવામાં આવ્યું છે. મોદીએ લોકોને વર્તમાન સંજોગોમાં ટીમ ઈન્ડિયાની ભાવનાથી કામ કરવા કહ્યું હતું. સત્તાવાર વિગતો મુજબ, આ પ્રોજેક્ટમાં વાર્ષિક ૨.૫ લાખ મેટ્રિક ટનથી વધુની પ્રારંભિક હેન્ડલિંગ ક્ષમતા ધરાવતા કાર્ગો હબનો સમાવેશ થાય છે, જે વધારીને અંદાજે ૧૮ લાખ મેટ્રિક ટન કરી શકાય છે.

એરપોર્ટ તેના પ્રારંભિક તબક્કામાં વાર્ષિક ૧૨ મિલિયન (૧.૨ કરોડ) મુસાફરોને હેન્ડલ કરે તેવી અપેક્ષા છે, જેની ક્ષમતા ભવિષ્યમાં વાર્ષિક ૭૦ મિલિયન (૭ કરોડ) મુસાફરો સુધી વધારી શકાય તેમ છે. વડા પ્રધાને ઉદ્ઘાટન બાદ ટર્મિનલનું નિરીક્ષણ પણ કર્યું હતું. પીએમ મોદીએ કહ્યું કે, આ એરપોર્ટ પ્રદેશની સંભાવનાઓને

# સાયન્સ, ફાર્મા, આર્ટ્સ, લો અને કોમર્સના વિદ્યાર્થીઓને જોબ

# એલેમ્બિક, ઇન્ટાસ, લ્યુપિન, યુપીએલમા પારૂલ યુનિ.ના વિદ્યાર્થીઓને જોબ ઓફર

**હોટલ** મેનેજમેન્ટના 25 વિદ્યાર્થીઓને ન્યુઝિલેન્ડમાં જોબ મળી

વડોદરા, માર્ચ, 2026: ગુજરાત સરકાર પાસેથી સેન્ટર ઓફ એક્સેલન્સ કેટેગરી-1 યુનિ.ની ઓળખ ધરાવતી પારૂલ યુનિ.ના ફાર્મા, સાયન્સ, કોમર્સ, આર્ટ્સ, હોટલ મેનેજમેમેન્ટ અને લોના વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ સિઝનની શરૂઆતમાં જ દેશ-વિદેશની અગ્રણી અને ફોર્ચ્યુન 500 કંપનીઓ તરફથી મજબૂત પ્રતિસાદ મળ્યો છે. બર્જર પેઈન્ટ્સ, એલેમ્બિક ફાર્મા, યુપીએલ,લુપિન, બેક્સટર, જે.બી. ફાર્મા, ઈન્ટાસ, મિલેનિયમ હોટલ એન્ડ રિસોર્ટ્સ, લિટલ ઈન્ડિયા, સહિતની વૈશ્વિક સ્તરે અગ્રણી અને પ્રતિષ્ઠત 454 કંપનીઓએ પ્લેસમેન્ટ સિઝન 2026માં ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. આ કંપનીઓ એવાં પ્રતિભાશાળી ગ્રેજ્યુએટ્સ ઈચ્છી રહી છે કે જેઓ બિઝનેસ અને ઈન્ડસ્ટ્રીના બદલાતા લેન્ડસ્પેક અનુરૂપ કામ કરી શકે તથા સેક્ટર વિશે ઊંડાણપૂર્વક નોલેજ અને પ્રોફેશનલ સ્કિલથી સજ્જ હોય. અત્યાર સુધીમાં હોટલ મેનેજમેન્ટના 25 વિદ્યાર્થીઓના ઈન્ટરનેશનલ પ્લેસમેન્ટ થયાં છે તેમજ 350થી વધુ વિદ્યાર્થીઓએ રૂ. 7 લાખથી વધુના સેલેરી પેકેજ મેળવ્યાં છે, જ્યારે કે સરેરાશ સેલેરી પેકેજ રૂ. 5.75 લાખ છે.

NAACA++ માન્યતા ધરાવતી યુનિવર્સિટીની સોમ્યા ધાકડને મલ્ટી-નેશનલ કંપનીએ વાર્ષિક રૂ. 43 લાખના જંગી પેકેજની ઓફર કરી છે. આ ઉપરાંત લો ફેલ્ટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને M-A-Y લોયર્સ, આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ, મેગ્નસ લીગલ, એસબી જૈન એન્ડ એસોસિયેટ્સ, સોલવન્સ ડેટ રિલિફ, દિલ્હી, ડી લીગલ ગ્રૂપ, વાસુ લો ફર્મ, જી. ગિરિ એન્ડ કંપની સહિતના સંસ્થાઓએ તેમની લીગલ જરૂરિયાત માટે સારા પેકેજ સાથે માસ પ્લેસમેનટ ઓફર કર્યાં છે.

### ઉત્કૃષ્ટ કામગીરી માટે યુનિ.નું એવાર્ડથી સન્માન

1. ગુજરાત સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશન રેટિંગ ફ્રેમવર્કમાં પારૂલ યુનિવર્સિટીને 5 સ્ટાર રેટિંગ
2. ફિક્કી હાયર એજ્યુકેશન એક્સલન્સ એવોર્ડ્સમાં સ્પેશિયલ જુરી રેકગ્નિશન ફોર એક્સલેન્સ ઇન ગ્લોબલાઇઝેશન
3. ઇટી ઇન્ડસ્ટ્રી લીડર્સ ગુજરાતમાં 'એક્સલન્સ ઇન બ્રિંગિંગ ઇનોવેશન ટુ એજ્યુકેશન' એવોર્ડથી સન્માન
4. ઇટી નાઉ બિઝનેસ કોન્કલેવ એન્ડ એવોર્ડ્સ 2025માં **પ્રતિષ્ઠિત** એક્સલન્સ ઇન યુનિવર્સિટી એજ્યુકેશન એવોર્ડથી સન્માન
5. જાગરણ જોશ એજ્યુકેશન સમિટ એન્ડ એવોર્ડ્સમાં 'યુનિવર્સિટી વિથ ઇમ્પેકેબલ પ્લેસમેન્ટ્સ એવોર્ડ'

### વિદેશની અગ્રણી કંપનીઓમાં જંગી પેકેજની ઓફર

| | |
|---|---|
| મિલેનિયમ હોટલ એન્ડ રિસોર્ટ્સ | રૂ. 28.53 લાખ |
| સિનિક હોટલ ફ્રાન્ઝ જોસેફ ગ્લેસિયર એન્ડ તે વાઓનુઇ ફોરેસ્ટ રિટ્રિટ | રૂ. 27.71 લાખ |
| રિઝ રોટોરુઆ | રૂ. 27.33 લાખ |
| બેસ્ટ વેસ્ટર્ન એલરેસિલ ઇન્ટરનેશનલ | રૂ. 25.41 લાખ |
| તે એરાઇ લિંક્સ ગોલ્ફ ક્લબ લિમિટેડ | રૂ. 25.41 લાખ |
| એલર્સલી ઇન્ટરનેશનલ | રૂ. 24.38 લાખ |
| લેકવ્યૂ કોલોનિયલ લક્સ સ્યુટ્સ એન્ડ એપાર્ટમેન્ટ્સ | રૂ. 24.38 લાખ |
| લિટલ ઇન્ડિયા | રૂ. 23.41 લાખ |
| સુદિમા કિકોરુ હોટલ | રૂ. 23.41 લાખ |
| હર્મિટેજ | રૂ. 23.41 લાખ |

### મીડિયામાં ઉજ્જવળ કારકિર્દી વિકસાવવાની તક

પારૂલ યુનિ.માં અભ્યાસ કરતાં જર્નાલિઝમ અને માસ કમ્યુનિકેશનના વિદ્યાર્થીઓને મીડિયામાં ઉજ્જવળ કારકિર્દી વિકસાવવામાં મદદરૂપ બનતાં તેમને ટાઇમ્સ ઓફ ઇન્ડિયા, દિવ્ય ભાસ્કર, ટીવી9, એબીપી જેવાં **પ્રતિષ્ઠિત** મીડિયા સંસ્થાનોમાં ઇન્ટર્નશીપ ઓફર કરાઇ છે. મહત્વપૂર્ણ છે કે યુનિ.ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વિવિધ મીડિયા હાઉસમાં મહત્વપૂર્ણ હોદ્દાઓ ઉપર કાર્યરત છે અને યુનિ.ને ગૌરવ અપાવ્યું છે.

### 44 જ્યુડિશિયલ ઓફિસર્સ અને 26 બેંક અધિકારીઓ યુનિ.ના વિદ્યાર્થી બન્યાં

પારૂલ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ લો દ્વારા ઓફર કરતાં ક્વોલિટી એજ્યુકેશન અને પ્રેક્ટિકલ એક્સપોઝરથી પ્રભાવિત થઇને 44 જ્યુડિશિયલ ઓફિસર્સ અને 26 બેંક અધિકારીઓએ લો પ્રોગ્રામમાં પ્રવેશ મેળવ્યો છે. આ ઉપરાંત ઘણાં પૂર્વ વિદ્યાર્થીઓ દેશની અલગ-અલગ કોર્ટમાં પ્રેક્ટિસ કરી રહ્યાં છે. યુનિ. ના પૂર્વ વિદ્યાર્થી જયદીપ ફિન્ડોરિયાએ ગુજરાત જ્યુડિશિયલ સર્વિસિસ એક્ઝામિનેશનમાં ઓલ ઇન્ડિયા 13મો રેન્ક મેળવીને યુનિવર્સિટીને ગૌરવ અપાવ્યું છે.

### ફ્રાન્સ, દુબઇ, યુએસએની કંપનીઓએ જોબ ઓફર કરી

- મિરર લેક ઇન, લેક પ્લેસિડ, યુએસએ
- મિલેનિયમ પ્લાઝા ડાઉનટાઉન હોટલ, દુબઇ
- રેડિસન બ્લુ હોટલ, દુબઇ
- લા લોજીક દે પેરે હોટલ, ફ્રાન્સ
- ગ્રાન્ડ કોસ્મોપોલિટન હોટલ, દુબઇ - અલ બાર્શા
- હિલ્ટન મોરેશિયસ રિસોર્ડ એન્ડ સ્પા

# પેરિસમાં બેંક ઓફ અમેરિકાની બહાર શંકાસ્પદ બોમ્બ ધડાકાનો પ્રયાસ નિષ્ફળ

**એક** શકમંદની અટકાયત, બીજો ફરાર

પેરિસ, તા. 28 : અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું કે, ફ્રેન્ચ પોલીસે પેરિસમાં બેંક ઓફ અમેરિકાની ઈમારત બહાર એક શંકાસ્પદ બોમ્બ હુમલાને નિષ્ફળ બનાવ્યો છે. આ મામલે એક શંકાસ્પદ વ્યક્તિની અટકાયત કરવામાં આવી છે અને બીજો ફરાર થઈ ગયો છે.

નેશનલ એન્ટી-ટેરરિઝમ પ્રોસિક્યુટર ઓફિસ (પીએનએટી)એ 'ધ એસોસિએટેડ પ્રેસ'ને જણાવ્યું હતું કે, તેણે કથિત આતંકવાદ સંબંધિત ગુનાઓની તપાસ શરૂ કરી છે.

શંકાસ્પદ ગુનાઓમાં આગ લગાવીને અથવા ખતરનાક માધ્યમ દ્વારા નુકસાન પહોંચાડવાનો પ્રયાસ, જ્વલનશીલ અથવા વિસ્ફોટક ઉપકરણનું ઉત્પાદન, ખતરનાક નુકસાન પહોંચાડવાના ઈરાદા સાથે આવા ઉપકરણો રાખવા અને તેનું વહન કરવું, તેમજ આતંકવાદી ગુનાહિત સંગઠન સાથે સંડોવણીનો સમાવેશ થાય છે.

આ મામલે એક વ્યક્તિને પોલીસ કસ્ટડીમાં લેવામાં આવી છે.

આંતરિક બાબતોના મંત્રી લોરેન્ટ નુનેઝે જણાવ્યું હતું કે, "પેરિસ પોલીસ પ્રીફેક્ચર યુનિટની ઝડપી કાર્યવાહીને કારણે પેરિસમાં રાતોરાત આતંકવાદી પ્રકૃતિના હિંસક કૃત્યને નિષ્ફળ બનાવવાનું શક્ય બન્યું છે.

# નરકમાં આપનું સ્વાગત છે: ઈરાની દૈનિકે અમેરિકી સૈનિકોને કહ્યું

**'તેહરાન** ટાઇમ્સ'ના પ્રથમ પાના પર આજે વોશિંગ્ટનને ચેતવણી

**ભૂમિ** આક્રમણ માટે અમેરિકન સૈનિકો આવશે તો કોફીનમાં પાછા જશે




નવી દિલ્હીઃ તા. 28: ઈરાનના અંગ્રેજી દૈનિક 'તેહરાન ટાઈમ્સ'ના પ્રથમ પાના પર આજે વોશિંગ્ટનને ચેતવણી આપતા "વેલકમ ટુ હેલ" (નરકમાં આપનું સ્વાગત છે) હેડલાઇન સાથે એક અહેવાલ છપાયો છે. અહેવાલમાં જણાવાયું છે કે, જે કોઈ પણ અમેરિકી સૈનિક ઈરાની ધરતી પર પગ મૂકશે તે "માત્ર કોફિનમાં જ બહાર જશે." આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે શુક્રવારે અમેરિકી મીડિયામાં અહેવાલ આવ્યા હતા કે યુનાઈટેડ સ્ટેટ્સ મધ્ય પૂર્વમાં વધારાના ૧૦,૦૦૦ સૈનિકો તૈનાત કરવા પર વિચાર કરી રહ્યું છે.

આ પગલાથી એવી અટકળો તેજ થઈ છે કે વોશિંગ્ટન ઈરાનની અંદર ગ્રાઉન્ડ ઓપરેશનની શક્યતા માટે તૈયારી કરી રહ્યું છે. આ સંભવિત તૈનાતીથી મધ્ય પૂર્વમાં અમેરિકાની સૈન્ય હાજરીમાં મોટો વધારો થશે. જોકે, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર ભારપૂર્વક કહી રહ્યા છે કે, તેહરાન સંઘર્ષને ખતમ કરવા માટે વોશિંગ્ટન સાથે શાંતિ વાટાઘાટોમાં વ્યસ્ત છે.

# યુપીમાં એક શખ્સે આઈસ્ક્રીમ વિક્રેતાનું માથું ધડથી અલગ કરી નાખ્યું

**માથુ** લઇને ઘરે ગયો, અને પછી શાંતિથી રસોઇ બનાવી!

બારાબંકીઃ તા. 28: ઉત્તર પ્રદેશના બારાબંકીમાં શનિવારે એક ૨૫ વર્ષીય આઈસ્ક્રીમ વેચનારની હત્યા કરી તેનું માથું વાઢી નાખવામાં આવ્યું હતું. ૫૦ વર્ષીય હત્યારાએ તે વ્યક્તિનું ગળું કાપી નાખ્યું, માથું ધડથી અલગ કરી દીધું અને ત્યાર બાદ તે માથું લઈને પોતાના ઘરે ગયો અને જાણે કંઈ જ બન્યું ન હોય તેમ રસોઈ કરવા લાગ્યો.

આ ઘટના બારાબંકી જિલ્લાના પરસાવાલ ગામમાં બની હતી. મૃતકની ઓળખ બબલુ તરીકે થઈ છે, જે દરરોજની જેમ આઈસ્ક્રીમ વેચવા માટે પરસાવાલ ગામમાં ગયો હતો.